રાહુલને કેબિનેટમાં સામેલ કરવા ભારે દબાણ

નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન મનમોહનસિંહ રવિવારના દિવસે કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફાર કરવા જઈ રહ્યા છે. ઉચ્ચસ્તરીય સૂત્રોએ કહ્યું છે કે કોંગ્રેસના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધીને પણ સરકારમાં સામેલ કરી દેવાનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. નામ જાહેર નહીં કરવાની શરતે કોંગ્રેસના કેટલાક નેતાઓએ આ અંગેની કબૂલાત પણ કરી લીધી છે. આ ફેરફારના ભાગરૂપે વિદેશ બાબતો અને પર્યાવરણ સહિત ઘણા ખાતાઓમાં પણ ફેરફાર થશે. આ ઉપરાંત યુવા કોંગ્રેસના નેતાઓને બઢતી પણ મળી શકે છે. રાહુલ ગાંધીને સામેલ કરવાને લઈને ઘણા સમયથી અટકળો ચાલી રહી છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે જો રાહુલ ગાંધીને સરકારમાં સામેલ કરવામાં આવશે તો તેમને ગ્રામીણ વિકાસ પ્રધાન તરીકે અથવા તો માનવ સંશાધન વિકાસ પ્રધાન તરીકે સામેલ કરવામાં આવશે. ગ્રામીણ વિકાસ ખાતુ હાલ સીપી જોષીની પાસે છે જ્યારે માનવ સંશાધન ખાતુ કપીલ સિબ્બલની પાસે છે. મનમોહનસિંહ કેબિનેટમાં નવા ચહેરાઓને પણ તક આપવા વિચારી રહ્યા છે. પેટ્રોલિયમ પ્રધાન જયપાલ રેડ્ડી તેમનું ખાતું જાળવી શકશે કે કેમ તેને લઈને ચિત્ર સ્પષ્ટ થયું નથી પરંતુ રાહુલ ગાંધીને મહત્વપૂર્ણ ખાતું સોપવામાં આવે તેવી સંપૂર્ણ શક્યતા દેખાઈ રહી છે. રાહુલ ગાંધીએ હાલમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડાપ્રધાન મનમોહનસિંહ સાથે પણ વાતચીત કરી હતી. રાહુલ ગાંધીની વાતચીત બાદથી જ એવું લાગી રહ્યું હતું કે કેન્દ્રીય

કેબિનેટમાં તેમને સામેલ કરવામાં આવશે. સોનિયા ગાંધી અને મનમોહનસિંહ ઘણા સમયથી કેન્દ્રીય કેબિનેટમાં ફેરફાર કરવાને લઈને મિટીંગોનો દોર ચલાવી રહ્યા હતા. સાથી પક્ષો સાથે પણ વાતચીત કરવામાં આવી રહી હતી. તેમના મત પણ લેવામાં આવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સભ્યો ડીઝલની કિંમતમાં ભાવવધારા અને અન્ય કારણોસર હાલમાં કેન્દ્રીય કેબિનેટમાંથી નીકળી ગયા છે જેથી આ જરૂર ઊભી થઈ છે. કેટલાક પ્રધાનો પાસે વધારાના પણ ખાતા છે.

જશપાલ ભટ્ટીનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ

ચંદીગઢ, તા.૨૫

સામાન્ય લોકોની સમસ્યાઓને ખુબજ સરળરીતે વ્યંગ મારફતે રજુ કરવામાં જાણીતા ફિલ્મ અભિનેતા અને કોમેડીયન જશપાલ ભટ્ટીનું આજે સવારે જલંદર નજીક માર્ગ અકસ્માતમાં અવસાન થતાં આઘાતનું મોજું ફળી વળ્યું હતું. અકસ્માતમાં તેમના પુત્ર અને અન્ય બે લોકોને ગંભીર ઈજા પણ થઈ હતી. જે કારમાં ૫૭ વર્ષીય અભિનેતા, નિર્દેશક મુસાફરી કરી રહ્યા હતા તે કાર વહેલી પરોઢે એક વાગે જિલ્લાના નાકોદાર વિસ્તારમાં શાહકોટ નજીક માર્ગની બાજુએ એક વૃક્ષ સાથે ટકરાઈ ગઈ હતી. ભટ્ટીના સાથી વિનોદ શર્માએ આ મુજબની માહિતી આપી છે. શર્માએ કહ્યું હતું કે તેમની પંજાબી ફિલ્મ પાવર કટના પ્રમોશન માટે જશપાલ ભટ્ટી ભટિન્ડાથી જલંદર જઈ રહ્યા હતા. આ ફિલ્મ શુક્રવારના દિવસે નિર્ધારિત કાર્યક્રમ મુજબ રજૂ કરવામાં આવનાર છે.

ભટ્ટીના પુત્ર જશરાજ દ્વારા કાર ચલાવવામાં આવી રહી હતી જ્યારે ફિલ્મની અભિનેત્રી સુરીલ ગૌતમને પણ બનાવમાં ઈજા થઈ છે. તેમણે જલંદરની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. શર્માએ કહ્યું છે કે ભટ્ટી તેમની નવી ફિલ્મના પ્રમોશન માટે છેલ્લા ઘણા દિવસથી પ્રવાસ કરી રહ્યા હતા. મોડેથી તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવનાર છે. ભટ્ટીના પત્ની સવિતા પણ એક મોટી અભિનેત્રી તરીકે છે. જશપાલ ભટ્ટીની અનેક સિરીયલો દુરદર્શનમાં જાણીતી રહી છે અને ભારે લોકપ્રિયતા પણ મેળવી ચૂકી છે. જશપાલ ભટ્ટીને જલંદર સ્થિત ઓથરેનોવા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કરી દીધા હતા. હોસ્પિટલના વડા અને મુખ્ય તબીબ ડો. હરપ્રિતસિંહે તેમને સવારે મૃત જાહેર કર્યા હતા. હરપ્રિતે કહ્યુ હતુ કે ત્રણ વાગ્યા બાદ તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. શેખર સુમન, અન્ય હસ્તીઓએ તેમના અવસાન અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. જશપાલ ભટ્ટી વર્ષ ૧૯૯૦થી સક્રિય હતા. અભિનેત્રી સવિતા સાથે જશપાલ ભટ્ટીએ ૧૯૮૫માં લગ્ન કર્યા હતા. સવિતા પણ જશપાલ ભટ્ટીની સાથે સિરિયલોમાં ભૂમિકા ભજવતી હતી. સવિતા પોતે પણ બહુ એક સારા કલાકાર છે.

જશપાલસિંહ ભટ્ટી ભારતીય ટેલિવિઝનની ખૂબ જાણીતી હસ્તી હતી

ચંદીગઢ,તા.૨૫

જશપાલસિંહ ભટ્ટી ભારતીય ટેલિવિઝનની ખૂબ જાણીતી હસ્તી હતી. ટેલિવિઝન ઉપર તેમની સિરિયલ ફ્લોપ શો ખૂબ જ લોકપ્રિય થઈ હતી. આ ઉપરાંત દુરદર્શન ઉપર તેમની ઉલ્ટા પુલ્ટા સિરિયલે પણ ભારે ધૂમ મચાવી હતી. ઉજી માર્ચ ૧૯૫૫ના દિવસે જન્મેલા જશપાલ ભટ્ટી ૧૯૯૦થી સક્રિય હતા. શીખ ધર્મના જશપાલ ભટ્ટીની સિરિયલો ૮૦ અને ૯૦ના દશકમાં છવાયેલી રહી હતી. રાજપુત શીખ પરિવારમાં અમૃતસર ખાતે તેમનો જન્મ થયો હતો. તેમના મોટાભાગના નાટકો સમાજમાં ભ્રષ્ટાચારને આવરી લેતા હતા. ટેલિવિઝન ઉપર એન્ટ્રી કરતા પહેલાં જશપાલ ભટ્ટી ચંદીગઢમાં ધ ટ્રિબ્યુન અખબારમાં કાર્ટુનિસ્ટ હતા. ૧૯૯૦માં તેઓએ હિંદી ટીવી ચેનલ દુરદર્શન માટે ઘણી સિરિયલ બનાવી હતી. તેમના લો બજેટના ફ્લોપ શોને ચાહકો ક્યારે ભૂલી શકશે નહીં. તેમની પત્નિ સવિતાએ આ શોનું નિર્માણ કર્યું હતું. તેમની પત્ની તરીકે તમામ શોમાં તેઓ ચમક્યા પણ હતા. માત્ર ૧૦ એપિસોડ બની શક્યા હતા પરંતુ આ શોની લોકપ્રિયતા અભૂતપૂર્વ રહી હતી. હિન્દી સિનેમામાં પણ અનેક ફિલ્મોમાં કામ કરી ચૂક્યા હતા. જશપાલ ભટ્ટી અને તેમના પત્ની સવિતાએ સ્ટાર પ્લસના શો નચ બલિએમાં પણ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ઉત્તરપ્રદેશના ફૈજાબાદ ખાતે કોમી હિંસા બાદ સંચારબંધી

ફૈજાબાદ, તા.૨૫

ઉત્તરપ્રદેશના ફૈજાબાદ જિલ્લામાં બુધવારે રાત્રે એકાએક સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. જેના પરિણામ સ્વરૂપે કોટવાલી નગર ક્ષેત્રમાં સંચારબંધી લાગુ કરી દેવામાં આવી હતી. દુર્ગા પ્રતિમાઓના વિસર્જનને લઈને ગઈકાલે સાંજે બે પક્ષોમાં અથડામણ થઈ હતી અને રાત્રે દુકાનોને આગ ચાંપી દેવામાં આવી હતી. આગ ઉપર કાબૂ મેળવવા માટે સેના બોલાવવાની ફરજ પડી હતી. એનટીપીસી ટાંડા અને આસપાસના જિલ્લાઓમાંથી ફાયરબ્રિગેડની ટીમ બોલાવવામાં આવી હતી. આગ ઉપર કાબૂ મેળવવામાં સફળતા મળી છે. કેટલાક વિસ્તારોમાં સવારે પણ દુકાનોને આગ ચાંપવામાં આવી હતી. ધાર્મિક સ્થળોને પણ કેટલીક જગ્યાઓએ નુકસાન પહોંચાડવામાં આવ્યુ હતું. આગના બનાવોના અનુસંધાનમાં આજે સવારે એક ચોક્કસ સમુદાયના લોકોએ એકત્રિત થઈને વહિવટી તંત્ર સામે દેખાવો કર્યા હતા. ધાર્મિક નારાબાજી કરવામાં આવી હતી. તોફાની ટોળાએ પોલીસ કર્મીની સાથે ઝપાઝપી પણ કરી હતી. તોફાની ટોળાને કાબૂમાં લેવા માટે પોલીસને બે વખત લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. દરમિયાનમાં કેટલાક લોકોએ દુર્ગા પંડાળમાં આગ પણ લગાવી દીધી હતી. જો કે પ્રતિમાના વિસર્જન બાદ આ બનાવ બન્યા હતા. પંડાળમાં આગ લાગી જતા બીજા સમુદાયના લોકો પણ હિંસા પર ઉતરી આવ્યા હતા. બે સમુદાય વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ગઈકાલે સાંજે અને આજે સવારે થયેલા પથ્થરમારા અને લાઠીચાર્જમાં એક પોલીસ સહિત ઓછામાં ઓછા ૨૦ લોકો ઘાયલ થયા છે. અયોધ્યામાં પણ સુરક્ષાવ્યવસ્થા વધારી દેવામાં આવી છે. અફવા બજાર ગરમ છે. સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે.

સમાચાર ઝલક

- ઇંગ્લેન્ડ વિરૂધ્ધની પ્રેક્ટિસ મેચમાં રમવા ઉતરશે યુવરાજસિંહ.
- તામિલનાડુએ કેન્દ્ર પાસે વધુ વીજળીની માંગણી કરી.
- ઉત્તરપ્રદેશમાં ચાલુ બસે વીજ કેબલ પડતાં ૧૨ વ્યક્તિઓનાં મોત.
- હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થતાં પ્રવાસીઓ ઉમટી પડ્યા.
- મોડેલ-અભિનેત્રી બિદુશીદાસ બર્ડેની મુંબઇમાં કરપીણ હત્યા.
- હાસ્યકાર જસપાલ ભટ્ટીનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત.
- ગ્રાહકો જાગૃત રહે !!! એક્સીસ બેંકનો બનાવ : પોરબંદરમાં રૂા. ૧૦,૦૦૦ થી ખાતું ખોલાવનારની ૨૧ મહિનામાં ઉપાડ્યા વિના રકમ નીલ.
- રાજકોટમાં મહાત્મા ગાંધી કુમાર છાત્રાલયમાં અખાદ્ય ભોજન અપાતાં સૂત્રોચ્ચાર, ધરણાં, સમાજ કલ્યાણખાતું દોડતું થયું.
- મોબાઇલથી ૧૬૬ ડાયલ કરો, ૩૦ થી વધુ સરકારી સેવાઓ મળશે, ટૂંક સમયમાં જ અમલી બનશે.
- ગ્રાહકને છેતરતા બિલ્ડરો સામે જેલ-દંડનો સકંજો તૈયાર.
- કિંગફિશરને કારણે બેંકોને રૂા. ૬,૦૦૦ કરોડનો ચુનો લાગશે.
- કાર-બાઇક-સ્કૂટર ચલાવો છો ? હવે ફિટનેશ સર્ટીફિકેટ લેવું પડશે.
- મોંઘવારી આમ-આદમીની દિવાળી બગાડશે, રાંધણગેસ, ઘી, ખાંડ, અનાજ, કઠોળ, દૂધ મોંઘું થયું.
- રાષ્ટ્રીય આરોગ્ય વીમા યોજનામાં નકલી દાવાની ધૂમ, ૧૦ વર્ષની બાળકી પર સિઝેરીયનનો ક્લેમ કર્યો.
- વેપારીઓ ત્રીજું નેત્ર ખોલ્યું, સોમવારે રાજકોટ બંધ.
- ચીનમાં મગફળીનો જબ્બર પાક, સીંગતેલની નિકાસ માંગ ઠંડી.
- ૨૦૧૨ની હિન્દી ફિલ્મ "જબ તક હૈ જાન" પર પાકિસ્તાનમાં પ્રતિબંધ.

અરૂણાચલમાં ચારની તીવ્રતાનો હળવો આંચકો

નવી દિલ્હી, તા.૨૫

અરૂણાચલ પ્રદેશના વેસ્ટ સિયાંગ જિલ્લામાં આજે સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો, જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪ આંકવામાં આવી છે. યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે આ આંચકો વહેલી પરોઢે ૨.૩૫ વાગ્યે અનુભવાયો હતો. તે વખતે તમામ લોકો ઉંઘમાં હતા. જો કે ઘણા લોકો આંચકાના કારણે જાગી ગયા હતા અને બહાર દોડી ગયા હતા. આ આંચકાના કારણે જાનમાલને કોઈ નુકસાન થયુ નથી છતાં પણ આજે સવારે તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

કમિશનને વધારી દેવાતા પેટ્રોલમાં ૩૦, ડિઝલમાં ૧ ૮ પૈસાનો વધારો

વધારો ઓઈલ કંપનીઓને વિધિવત પત્ર પેટ્રોલિયમ મંત્રાલય તરફથી અપાયા બાદ અમલી બનશે : અમદાવાદમાં પેટ્રોલનો નવો ભાવ ૭૨.૧૦ થઈ જશે

નવી દિલ્હી, તા.૨૫

સરકારે પેટ્રોલપંપ ડિલરોને ચૂકવવામાં આવતા કમીશનમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ પેટ્રોલની કિંમત લીટરદીઠ ૩૦ પૈસાનો અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૧૮ પૈસાનો વધારો કરવામાં આવશે આની સાથે જ તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો પર વધુ એક બોજ મુકાશે. પેટ્રોલીયમ મંત્રાલયે આજે પેટ્રોલ પર ડિલર કમિશનને લીટરદીઠ ૧.૪૯૯થી વધારીને ૧.૭૯૯ કરવાનો નિર્ણય કર્યો છે. આવી જ રીતે ડિઝલ પર ડિલર કમિશન લીટરદીઠ ૯૧ પૈસાથી વધારીને ૧.૦૯ રૂપિયા કરવાનો નિર્ણય લેવાયો છે. આ વધારો આજથી અથવા તો આવતીકાલથી અમલી બનાવવામાં આવશે. મંત્રાલય દ્વારા ઓઈલ કંપનીઓને વિધિવત પત્ર જારી કરવામાં આવ્યા બાદ આ વધારો અમલી બનશે. પેટ્રોલની કિંમત હાલમાં દિલ્હીમાં લીટરદીઠ ૬૭.૯૦ રૂપિયા છે. જ્યારે ડિઝલની કિંમત ૪૬.૯૫ રૂપિયા છે. આ વધારો કરવામાં આવ્યા બાદ પેટ્રોલની કિંમત ૬૮.૨ અને ડિઝલની કિંમત ૪૭.૧૩ થઈ જશે. જુલાઈ ૨૦૧૧ બાદથી પ્રથમ વખત ડિલર કમિશનમાં વધારો કરવામાં આવ્યો છે. જુલાઈ મહિનામાં કમિશન પેટ્રોલ પર ૨૮ પૈસા અને ડિઝલ પર ૧૫.૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ટ્રેડર્સના જનરલ સેક્રેટરી અજય બંસલે કહ્યુ છે કે પેટ્રોલ પર કમિશનમાં ૬૭ પૈસાના વધારાની માંગ કરવામાં આવી હતી જ્યારે ડિઝલ પર ૪૨ પૈસાના વધારાની માંગ કરવામાં આવી હતી. પેટ્રોલ પંપના ઓપરેટિંગ ખર્ચમાં વધારો કરવામાં આવ્યા બાદ આ વધારો કરવા હિલચાલ ચાલી રહી હતી. મંત્રાલયે કહ્યુ છે કે બે મહિનાના સમયમાં ફરી ખાતરી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે સરકારે આ મહિનાની શરૂઆતમાં જ એલપીજી ડિસ્ટ્રીબ્યુટરોને ચૂકવાતા કમિશનમાં સિલિન્ડરદીઠ ૧૧.૪૨ રૂપિયાનો વધારો કર્યો હતો.

દિલ્હીમાં સબસીડી વાળા એલપીજીની કિંમત સિલિન્ડર દીઠ ૩૯૯થી વધીને હવે ૪૧૦.૪૨ થઈ ગઈ છે. એલપીજી ડિલરોને ચૂકવાતા કમિશનમાં વધારો ૨૫.૮૩ રૂપિયાથી વધારીને ૩૭.૨૫ રૂપિયા કરવામાં આવ્યો હતો. આ વધારો સાતમી ઓક્ટોબરથી અમલી બનાવાયો હતો. પેટ્રોલ-ડિઝલ પર કમિશનમાં વધારો કરવામાં આવ્યા બાદ અમદાવાદમાં પેટ્રોલનો નવો ભાવ લિટરદીઠ ૭૨.૧૦ અને ડિઝલ પર નવો ભાવ ૫૨.૨૩ થઈ જશે.

રેલવેમાં ૨.૧ લાખ જગ્યા હજુ પણ ખાલી છે

નવી દિલ્હી, તા.૨૫

ભારતીય રેલવેમાં ૨.૧ લાખ જગ્યાઓ હજુ પણ ખાલી છે જેમાં ૯૦ હજાર જેટલી જગ્યાઓ સુરક્ષા સાથે સંબંધિત છે. આ તમામ જગ્યાઓ ટ્રેનોના સંચાલનની દૃષ્ટિએ ખુબજ મહત્વપૂર્ણ છે.

સુરક્ષા સાથે સંકળાયેલા હોદ્દાઓમાં રનીંગ સ્ટાફ, ચાલક, સ્ટેશન માસ્ટર, ગાર્ડ, ટેકનોલોજી સુપરવાઈઝર, યાર્ડ સ્ટાફ, સિગ્નલ ઈન્સ્પેક્ટર તથા અન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે આ ઉપરાંત વર્કશોપ, વાણિજ્ય સ્ટેશન, પેરા મેડિકલ તથા કાર્યાલય સ્ટાફમાં મોટી સંખ્યામાં હોદ્દાઓ ખાલી છે. રેલવેએ કહ્યુ છે કે આ તમામ જગ્યાઓને ભરવા માટે આકમક ભરતી ઝુંબેશ ચાલી રહી છે. રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ એમ પણ કહ્યુ છે કે છ મહિના પહેલા ખાલી હોદ્દાઓની જગ્યા ૨.૬ લાખ હતી જે હવે ઘટીને ૨.૧ લાખ થઈ ગઈ છે કારણ કે આકમક ભરતી ઝુંબેશ ચલાવવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યુ છે કે ભરતી એક સળગ ચાલતી પ્રક્રિયા છે. એક નિર્ધારિત પ્રક્રિયા અને સતત સેવા નિવૃત્તીના કારણે કેટલીક જગ્યાઓ હંમેશા ખાલી રહે છે. રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે વર્તમાન નાણાંકિય વર્ષમાં ૩૨૦૦૦ ગ્રુપ સીના હોદ્દાઓ માટે પરીક્ષા લેવામાં આવી છે જ્યારે ૮૫૦૦૦ ગ્રુપ ડી હોદ્દાઓ માટે પરીક્ષા લેવામાં આવી છે. અધિકારીઓએ કહ્યુ છે કે આ તમામ ભરતીમાં સુરક્ષા વર્ગના હોદ્દાઓને પ્રાથમિકતા અપાઈ છે. અધિકારીએ કહ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં સી તથા ડી ગ્રુપના હોદ્દાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અધિકારીએ કહ્યુ છે કે સુરક્ષા કેટેગરીને પણ પ્રાથમિકતા અપાઈ છે. છેલ્લા બે વર્ષના ગાળા બાદ સી તથા ડી ગ્રુપમાં આશરે ૮૪૦૦૦ હોદ્દાઓ પર નિમણૂંક કરવામાં આવી છે.

ડિસેમ્બર સુધી હિસ્સેદારી વેચાશે

ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૧૩૦૦૦ કરોડ મેળવાશે

નવી દિલ્હી, તા.૨૫

સરકાર ડિસેમ્બર સુધી જાહેરક્ષેત્રની કંપનીઓ અથવા તો પીએસયુમાં હિસ્સેદારી વેચીને ૧૨થી ૧૩ હજાર કરોડ ઉભા કરવાની યોજના ધરાવે છે. આ રકમ ઉભી કરવામાં આવ્યા બાદ નાણાંકીય ખાદ્યને કાબૂમાં લેવામાં સરકારને મદદ મળશે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના જીડીપીના ૫.૩ ટકાની આસપાસ સુધી નાણાંકીય ખાદ્યને અંકુશમાં લેવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં સરકાર ઝડપથી આગળ વધવા માંગે છે.

એક મુલાકાતમાં ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમીક અફેર્સ(ડીઈએ)ના સેક્રેટરી અરવિંદ માયારામે કહ્યુ છે કે અમને આશા છે કે ડિસઈન્વેસ્ટેન્ટની ગતિ ઝડપી બનશે અને ડિસેમ્બર સુધી ૧૨થી ૧૩ હજાર કરોડ રૂપિયા સુધી ઉભા કરી શકાશે. સંપૂર્ણ નાણાંકીય વર્ષ માટે ૩૦ હજાર કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. નાણાં મંત્રાલયના અધિકારીઓ આ પ્રક્રિયાને ઝડપી બનાવવા પીએસયુ સાથે વાતચીતમાં વ્યસ્ત છે. ડિસઈન્વેસ્ટમેન્ટ ડિસેમ્બરમાં થઈ શકે. ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગ દ્વારા પહેલાથી જ આ પ્રક્રિયા તીવ્ર બનાવી દેવામાં આવી છે. જે ચાર કંપનીઓમાં હિસ્સેદારી વેચવા માટે કેબિનેટે મંજુરી આપી દીધી છે તેમાં ઓઈલ ઈન્ડિયા, એમએમટીસી, હિન્દુસ્તાન કુપર, નેલ્કોનો સમાવેશ થાય છે. આનાથી તિજોરીને ૧૫૦૦૦ કરોડનો ફાયદો થશે. સરકારે કહ્યુ છે કે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૫.૩ ટકામાં નાણાંકીય ખાદ્યનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. ખર્ચમાં ઘટાડો કરીને ખાદ્યને અંકુશમાં લઈ શકાશે. પીએસયુ ડિસઈન્વેસ્ટમેન્ટમાંથી વધુ ફંડ જારી કરાશે.

સોનાનો ભાવ હવે ૩૦ હજારથી નીચે જઈ શકે

મુંબઈ, તા.૨૫

સોનાની કિંમતમાં તહેવારની સિઝન હોવા છતાં સતત ત્રીજા સપ્તાહમાં ઘટાડો નોંધાયો છે. ડોલરની દૃષ્ટિએ કિંમતો ઘટી રહી છે. મળેલી માહિતી મુજબ સોનાની કિંમત ૩૦૦૦૦થી પણ નીચી સપાટીએ જઈ શકે છે. અગાઉના મહિનામાં પ્રતિ ૧૦ ગ્રામ ૩૨૪૦૦ની ઉંચી સપાટીએ સોનાની કિંમત પહોંચ્યા બાદ તેમાં ઘટાડો થઈ રહ્યો છે. સોનાની કિંમત હજુ પણ ઘટી શકે છે. ઈન્ડસ્ટ્રીનો અંદાજ છે કે વર્તમાન સપાટીએ રૂપિયો મજબૂત થઈ રહ્યો છે. વૈશ્વિક સોનાની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. ભારતીય સોનાની કિંમત વધુ ઘટી શકે છે. પ્રતિ ૧૦ ગ્રામ ૩૦૦૦૦થી પણ નીચે ભાવ જઈ શકે છે. જો કે નીચી સપાટી લાંબા ગાળાના રોકાણકારો માટે રાહત લઈને આવી શકે છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં સોના અને ચાંદીના ખાણીયાઓ અને બેંકરો માટે રાહતરૂપ રહી છે. ૨૦૧૩માં સતત ૧૩માં વર્ષે સોનાની કિંમતમાં સુધારો થઈ રહ્યો છે.

સેન્સેક્સમાં સારા પરિણામ વચ્ચે ૪૯ પોઈન્ટનો સુધારો

મુંબઈ, તા. ૨૫

વર્તમાન નાણાંકિય વર્ષ ૨૦૧૨-૧૩ના ત્રીજા ત્રિમાસિક ગાળાના કોર્પોરેટ જગતના પરિણામો સારા આવતા ભારતીય શેરબજારને હકારાત્મક પરિબળ મળ્યું છે. જેના પગલે મુંબઈ શેરબજારના બીએસઈ સેન્સેટીવ ઈન્ડેક્સમાં ૪૯ પોઈન્ટનો વધારો થતાં ૧૮૭૫૮.૬૩ની સપાટીએ બંધ રહ્યો હતો. સેન્સેક્સના પગલે પગલે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીમાં પણ ૦.૨૪ ટકા અથવા ૧૩.૯૦ પોઈન્ટનો વધારો થતાં ૫૭૦૫.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોના હકારાત્મક સંકેતના પગલે શેરબજાર ઊંચા મથાળે ખુલ્યું હતું. જો કે સમગ્ર સેશન દરમિયાન અફડાતફડીનો માહોલ રહ્યો હતો. દરમિયાન ચાલુ માસના ડેરવેટીવ્ઝ કોન્ટ્રાકટનો અંત નજીક હોવાથી રોકાણકારોએ સાવધાનીપૂર્વકનું વલણ અપનાવી લીધું હતું. આ ઉપરાંત આગામી સપ્તાહે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નાણાંકીય નીતિની સમીક્ષા હેતુ બેઠક યોજાવાની છે. જેના પગલે પણ રોકાણકારોએ હાલ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી લીધી છે. ઓટો, કેપીટલ ગુડ્ઝ, બેંક અને રીફાઈનરી ક્ષેત્રના શેરોમાં આજે તેજી જામી હતી. બીએસઈ-૩૦ સ્ક્રીપોમાં ૧૬ કંપનીના શેરોની કિંમત વધી હતી. જ્યારે ૧૪માં ઘટાડો થયો હતો. સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળાના અંતે ૯૦૧.૮ કરોડ રૂપિયા ટેક્સ ભરવા છતાં ૨૨.૩ ટકાનો ચોખ્ખા નફામાં વધારો થતાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરની કિંમતમાં ભારે ઉછાળો નોંધાયો હતો.

એચડીએફસી, આઈસીઆઈસીઆઈ, સ્ટરલાઈટ અને આઈટીસીમાં ભારે વધારો થયો હતો. દરમિયાન આજના ઉછાળામાં કેપીટલનો પ્રવાહ પણ વધ્યો હતો. ૨૩ ઓક્ટોબરના રોજ એફઆઈઆર દ્વારા શેરની ખરીદી કરાતાં ૨૫૨.૪૦ કરોડ ટર્ન ઓવર નોંધાયું હતું. દરમિયાન મીડકેપમાં સુધારો અને સ્મોલ કેપમાં ઘટાડો થયો હતો. મીડકેપ ઈન્ડેક્સ ૧૦.૧૧ વધીને ૬૬૫૯.૨૦ અને સ્મોલકેપ ૧૨.૦૮ ઘટીને ૭૧૬૧.૪૧ પર બંધ રહ્યો હતો. જ્યારે બીએસઈના ૧૩માંથી ૮ ક્ષેત્રીય ઈન્ડેક્સોમાં ઘટાડો નોંધાયો હતો. બેંકીંગ ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકા, ઓઈલ અને ગેસમાં ૦.૧૬ ટકા, ઓટોમાં ૦.૫૮ ટકા, કેપીટલ ગુડ્ઝ ૦.૩૫ ટકાનો વધારો થયો હતો. બીજી બાજુ રીયાલ્ટીમાં ૦.૬૫ ટકાનો ઘટાડો થયો હતો.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

પ્રશ્ન - સાઈગોન (વિયેતનામ)નું નવું નામ શું છે?
જવાબ - હોં ચી મિન્હ સિટી
(૫) શ્રુતિ વસાવા : સે-૬થી
પ્રશ્ન - આસ્વાન બંધ કયાં આવેલો છે?
જવાબ - ઈજિપ્ત

● આ સપ્તાહનો સવાલ...?

હાલ હિમાચલ પ્રદેશમાં કયા પક્ષની સરકાર છે અને ત્યાંના મુખ્યમંત્રી કોણ છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૬ (૫૧) ૫ (૨૧) ૫૯ (૬૧) ૫૯ (૨૧) ૧ (૧૧) ૬ (૦૧)
૫ (૨) ૫૯ (૭) ૧ (૭) ૬ (૩) ૫ (૫) ૧ (૨) ૫૯ (૬) ૬ (૨) ૫ (૧)